*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 33

## Annual Status of Education Report-2019



ચર્ચામાં શા માટે ?

આ રિપોર્ટ વિશે :-

રિપોર્ટની ભલામણ :-


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


TOPIC-33નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110




- 14 જાન્યુઆરી 2020ના રોજ NGO 'પ્રથમ' દ્વારા Annual Status of Education Report (ASER)-2019 જાહેર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ બનાવવા માટે 24 રાજ્યોના 26 જિલ્લાઓના 4 થી 8 વર્ષની વયજૂથના 36,930 બાળકોનો સર્વે કરવામાં આવ્યો છે.

## આ રિપોર્ટ વિશે :-

- નાની વયના બાળકો માટેનો ગ્રામીણ વિસ્તારમાં કરવામાં આવતો આ એક સર્વે છ. જેમાં બાળકોની માનસિક ક્ષમતાની સામાન્ય કસોટી કરવામાં આવે છે. દા.ત. રંગ અથવા કદના આધારે ચિત્રોને ગોઠવવા, વિવિધ પેર્ટનને ઓળખવી, પ્રાણી-ચિત્રના પઝલને ફિટ બેસાડવા વગેરે. આ સાથે તેમની વાંચન અને ગાણિતીક ક્ષમતાની પણ કસોટી કરવામાં આવે છે.
- પ્રિ-સ્કૂલ તથા ધોરણ 1માં અભ્યાસ કરતા બાળકોની વિવિધ ક્ષમતાઓમાં ગત વર્ષ કરતાં વધારો થયો છે. તથા ખાનગી શાળાઓના બાળકોએ લગભગ દરેક કસોટીઓમાં સરકારી શાળાઓના બાળકો કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.
- આ રિપોર્ટની ટેગલાઈન 'Early Years' છે.
- 4 થી 8 વર્ષની વયજૂથના આશરે 90% બાળકો કોઈને કોઈ શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે.
- નાની વયના આ બાળકોમાં પણ જાતિ તફાવત જોવા મળે છે. કારણ કે સરકારી શાળાઓમાં બાળકો કરતા બાળકીઓની વધુ નોંધણી થયેલી છે. જ્યારે ખાનગી શાળાઓમાં બાળકીઓ કરતાં બાળકોની વધુ નોંધણી થયેલી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- RTE 2009 મુજબ ધોરણ 1માં પ્રવેશવા બાળકની ઉંમર 6 વર્ષ હોવી જોઈએ. પરંતુ સર્વે કરાયેલા બાળકો પૈકી 10માંથી 4 બાળકો કે જે ધોરણ 1માં પ્રવેશેલા છે તેમની ઉંમર 5 વર્ષ કરતા ઓછી છે અથવા 6 વર્ષથી વધુ છે. અર્થાત છ વર્ષની વયે ધોરણ 1માં પ્રવેશ મેળવતાં બાળકોનું પ્રમાણ 60% છે.
- ઉપરાંત ધોરણ 1 માટે ખાનગી શાળાઓ કરતાં સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકો સરેરાશ રીતે ઓછી ઉંમરના છે.
- સર્વે કરાયેલા ધોરણ 1ના બાઈકો પૈકી માત્ર 16% બાળકો નિયત કરેલા ધોરણ મુજબ 'વાંચન' કરી શકે છે અને આશરે 40% બાળકો મૂળાક્ષરોને ઓળખી શકતાં નથી.
- માત્ર 41% બાળકો જ બે અંકની સંખ્યાઓને ઓળખી શકયા છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રિપોર્ટની ભલામણ :-

- આ રિપોર્ટમાં ભલામણ કરવામાં આવી છે કે બાળકોની ક્ષમતા વધારવા માટે શિક્ષણના કલાકો વધારવાનો ઉપાય અયોગ્ય છે.
- રિપોર્ટની મુખ્ય ભલામણ આ મુજબની છે :

(i) દેશમાં આંગણવાડીનું નેટવર્ક વિસ્તારવું જોઈએ તથા તેને મજબુત બનાવવું જોઈએ.

(ii) શાળામાં પ્રવેશ મેળવવા માટે વયમર્યાદાના વિવિધ નિયમોની પુનઃવિચારણા કરવી જરૂરી છે.

(iii) વિવિધ ક્ષમતાઓમાં વૈવિધ્યતાની વધુ જરૂર છે તથા સમય કરતાં અગાઉ ઔપચારિક વિષયોનો અભ્યાસ વિકાસ વિરોધી બને છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT